# 1

## વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ તથા ખેડૂતોને પાક નુકશાનની માટે સહાય

* 15/4/1679 : શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ પામે, નાગરિકોના શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણ રહેવા અને ખેડૂતોને પાક નુકશાની માટે કેટલી સહાય ચુકવવામાં આવે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વીજ કંપનીના નેટવર્કમાં વીજ કરંટથી નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અક્સ્માતના કિસ્સાઓમાં ચુકવવામાં આવતી સહાયની વિગત નીચે મુજબ છે.<br>• નાગરિકોના કિસ્સાઓમાં અક્સ્માતનો ભોગ બનનાર વ્યકિતનો કસૂર પૂરવાર થતો હોય કે ન થતો હોય પરંતુ જો વિજ અકસ્માત વિજ કંપની હસ્તકના સાધનો કે વીજ માળખામાં થયેલ હોય તેવા દરેક કિસ્સાઓમાં સંબધિત વીજ કંપની દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર માનવતાના ધોરણે રૂ.૫૦,૦૦૦/– પ્રાથમિક આર્થિક સહાય આપવામાં આવે છે.<br>• નાગરિકોના કિસ્સાઓમાં અક્સ્માતનો ભોગ બનનાર વ્યકિતનો કસૂર પૂરવાર ન થતો હોય પરંતુ જો વિજ અકસ્માત વિજ કંપની હસ્તકના સાધનો કે વીજ માળખામાં થયેલ હોય તેવા દરેક કિસ્સાઓમાં સંબધિત વીજ કંપની દ્વારા વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં બાકીનુ વળતર, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ "બાઇનંદા કેસ" ની માર્ગદર્શિકા મુજબ અથવા કુલ રૂ.૪.૦૦ લાખ બંનેમાંથી જે મહત્તમ હોય તે મુજબ ચુકવવામાં આવે છે.<br>• નાગરિકોને શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણના કિસ્સાઓમાં સહાય ચુકવવામાં આવતી નથી.<br>• પ્રાણીઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં પ્રાણીઓના પ્રકાર પ્રમાણે વળતરની રકમ ચૂકવવામાં આવતી હોય છે જેની વિગત આ સાથે પત્રક–૧માં જોડેલ છે.<br>ખેડૂતોને, વીજ કંપનીના નેટવર્કના વીજ અકસ્માતને કારણે થતા પાક નુકસાની પેટે, વીજ વિતરણ કંપનીઓ દ્વારા વાસ્તવિક થયેલ નુકસાનની રકમની ચૂકવણી, ઉભા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૮૦ ટકા અને ખેતરમાં લણીને મૂકેલા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૯૦ ટકાના દરે, નજીકના એપીએમસી માર્કેટના પ્રવર્તમાન દર મુજબ, "પાક વીમા" પોલીસીની શરતોને આધીન, નિયત મહત્તમ સહાય મર્યાદામાં ચૂકવણી કરવામાં આવે છે. |
| (૨) | ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) | નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચુકવવામાં આવતા સહાયના દરો તા.૧૭.૦૯.૨૦૧૬થી અમલમાં છે.<br><br>વીજ વિતરણ કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૧૪થી પાક નુકશાનની ચુકવણી માટે "પાક વીમા" લેવામાં આવે છે અને તેને દર વર્ષે રીન્યુ કરવામાં આવે છે. હાલ માં ઉપરોક્ત દરો વર્ષ ૨૦૨૩થી અમલમાં છે. |
| (૩) | ઉક્ત સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ? | (૩) | નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચુકવવામાં આવતા સહાયના દરોમાં વધારો જીયુવીએનએલના તા.૧૭.૦૯.૨૦૧૬ પત્રથી કરવામાં આવેલ છે. જે પત્રક–૨ માં આ સાથે સામેલ છે.<br>પાક નુકસાની પેટે ચુકવવામાં આવતા દરો, થયેલ નુકશાનીના દિવસના નજીકના એપીએમસી માર્કેટના નિયત દરો પર આધારિત છે. |

-------------------------

પત્રક–૧

| ક્રમ | પશુઓના પ્રકાર | | વળતરની કુલ રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૩૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | ૩૦૦૦ |
| ૩ | વાછરડુ | | ૧૬૦૦૦ |
| ૪ | સાંઢ | | ૭૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૨૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૭૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ |
| ૯ | ભેસ | ૨ વર્ષથી મોટી દુધ આપતી | ૩૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દુધ ન આપતી | ૩૦૦૦ |
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દુધ ન આપતી | ૫૦૦૦ |
| ૧૨ | ઘેટા / બકરા | | ૩૦૦૦ |
| ૧૩ | ઊંટ | | ૨૫૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ |
| ૧૫ | ગધેડો | | ૧૬૦૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | ૧૬૦૦૦ |

પત્રક–૨

| ક્રમ | પ્રકાર | તા.૨૨.૦૨.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂા. | તા.૧૭.૦૯.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂા. | સહાયમાં કરાયેલ વધારો (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | નાગરિકોના પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ | રૂ.૨ લાખ અથવા "બાઇનંદા કેસ"ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | રૂ.૪ લાખ અથવા "બાઇનંદા કેસ"ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | ૨.૦૦ |

| ક્રમ | પશુઓના પ્રકાર (પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ) | | તા.૧૫.૦૪.૨૦૧૩ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂા. | તા.૧૭.૦૯.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂા. | સહાયમાં કરાયેલ વધારો (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | | ૩૦૦૦ | - |
| ૩ | વાછરડુ | | ૩૦૦૦ | ૧૬૦૦૦ | ૧૩૦૦૦ |
| ૪ | સાંઢ | | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૨૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૧૬૦૦૦ | ૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૯ | ભેસ | ૨ વર્ષથી મોટી દુધ આપતી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દુધ ન આપતી | | ૩૦૦૦ | - |
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દુધ ન આપતી | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૧૨ | ઘેટા / બકરા | | ૧૫૦૦ | ૩૦૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | ઊંટ | | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | - |
| ૧૫ | ગધેડો | | ૩૫૦૦ | ૧૬૦૦૦ | ૧૨૫૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | - | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ |